Surat Municipal Corporation
e-Magazine
Issue 53
May 26, 2006

## સુરત મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં તા. ૨૨–૫–૨૦૦૬ના રોજ કોમ્યુનીટી હોલની ઉદ્દઘાટનવિધિ



સુરત મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં તા. ૨૨–૫–૨૦૦૬ના રોજ રૂસ્તમપુરા ખાતે કોમ્યુનીટી હોલની ઉદ્દઘાટનવિધિ મેયર ડો. કનુભાઈ માવાણીના વરદહસ્તે રાખવામાં આવેલ. આ પ્રસંગે મેયરશ્રીએ તેમના ઉદબોદધનમાં જણાવ્યું હતું કે, સામાજીક અને કૌટુંબિક કાર્યક્રમોના આયોજન માટે આજે નાના માણસો માટે હોલ કે વાડી વ્યાજબી દરે મળી શકતા નથી. ત્યારે સુરત મહાનગરપાલિકાએ વધુ સારી સમાજ સેવાના હેતુથી કોમ્યુનીટી હોલ બનાવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૩–૫–૨૦૦૬ના રોજ કતારગામ ઝોનમાં આવેલ જનરલ કેટેગરીના ચોથા વર્ગના કર્મચારીઓ માટે સ્ટાફ કવાટર્સ તથા વરિષ્ઠ નાગરિક સુવિધા કેન્દ્રના ઉપક્રમે " શાંતિકુંજ " ની ઉદ્દઘાટનવિધિ



સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૩–૦૫–૨૦૦૬ના રોજ કતારગામ ઝોનમાં ટી.પી.૧૯, આર–૨૦ ખાતે આવેલ જનરલ કેટેગરીના ચોથા વર્ગના કર્મચારીઓ માટે સ્ટાફ કવાટર્સ તથા પારસ વોર્ડ ઓફિસની બાજુમાં વરિષ્ઠ નાગરિક સુવિધા કેન્દ્રના ઉપક્રમે 'શાંતિકુંજ'ની ઉદ્દઘાટનવિધિ મેયર ડો. કનુભાઈ માવાણીના વરદહસ્તે રાખવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## રીબેટ (વળતર) ૭ %

સુરત મહાનગરપાલિકાના આકારણી અને વસૂલાત વિભાગ દ્વારા જે મિલ્કતદારો ૧૦% રીબેટનો લાભ લેવાનું ચૂકી ગયા હોય તો તા. ૩૧–૫–૨૦૦૬ સુધીમાં મિલકતકરનાં ૭ % રીબેટ (વળતર)નો લાભ મેળવી શકાશે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં તા. ૨૨–૫–૨૦૦૬ના રોજ કોમ્યુનીટી હોલની ઉદઘાટનવિધિ

સુરત મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં તા. ૨૨–૫–૨૦૦૬ના રોજ રૂસ્તમપુરા ખાતે કોમ્યુનીટી હોલની ઉદઘાટનવિધિ મેયર ડો. કનુભાઈ માવાણીના વરદહસ્તે રાખવામાં આવેલ. આ પ્રસંગે મેયરશ્રીએ તેમના ઉદબોદધનમાં જણાવ્યું હતું કે, સામાજીક અને કૌટુંબિક કાર્યક્રમોના આયોજન માટે આજે નાના માણસો માટે હોલ કે વાડી વ્યાજબી દરે મળી શકતા નથી. ત્યારે સુરત મહાનગરપાલિકાએ વધુ સારી સમાજ સેવાના હેતુથી કોમ્યુનીટી હોલ બનાવેલ છે. જેના થકી આ વિસ્તારના નાગરિકોને હોલ વ્યાજબી ભાડાથી મળી શકશે. આ હોલ બનાવવામાં આ વિસ્તારના સભ્યશ્રીઓ, માજી. સભ્યશ્રીઓનું પ્રેરક બળ છે. સુરત મહાનગરપાલિકા વિસ્તારોને પાયાની સુવિધાઓ, પ્રાથમિક સુવિધાઓ આપવાની સાથે વાંચનાલયો, કોમ્યુનીટી હોલો, હેલ્થ સેન્ટરો પણ બનાવેલ છે. છેલ્લા ૧૦ વર્ષમાં મનપાએ વિકાસની હરણફાળ ભરેલ છે. આ વિસ્તારમાં હેલ્થ સેન્ટર, સ્વીમીંગ પુલ, હોલ, જેવી સુવિધાઓ આપ્યા પછી પણ નવા પ્રકલ્પો જનતાની સેવામાં અર્પણ કરનાર છીએ. સુરત મહાનગરપાલિકા છેવાડાના માનવીની જરૂરીયાત માટે પ્રયત્નશીલ છે. આજે વૈશ્વીકરણ, ઉદારીકરણ, ખાનગીકરણ થઈ રહયું છે ત્યારે સંયુકત કુટુંબની ભાવના લુપ્ત થતી જાય છે ત્યારે વયસ્ક સીનીયર સીટીઝનની લાગણીને વાચા આપવા પણ સુરત મહાનગરપાલિકાએ આયોજન કરેલ છે. તેના ભાગરૂપે શાંતિ વન, વાંચનાલયો વગેરે બનાવેલ છે. ત્યાં સીનીયર સીટીઝનો તેમની અનુકુળતા મુજબનો સમય શાંતિથી પસાર કરી શકશે. આ હોલ પ્રજાજનો માટે સુરત મહાનગરપાલિકાએ બનાવેલ છે. તેનો ઉપયોગ નીતિ નિયમોનો મુજબ કરવા સ્વયંશિસ્ત કેળવવી પડશે અને હોલની સ્વચ્છતા જાળવવી પડશે.




આ પ્રસંગે અતિથિ વિશેષપદેથી શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે, છેલ્લા ૧૦ વર્ષથી સુરત મહાનગરપાલિકાની વિકાસ ગાથા વણથંભી ચાલી રહી છે. આગામી વર્ષોમાં શહેરની કાયાપલટ થનાર છે શાસકીય પાંખ અને વહીવટીપાંખના સંકલનથી મનપા વિકાસમાં સતત અગ્રેસર રહેલ છે.

આ પ્રસંગે કમિશનરશ્રીએ તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા શહેરના સમતોલ વિકાસના દૃઢ નિશ્ચય સાથે દરેક ઝોનોમાં નાગરિકોને સુવિધાઓ આપવા તત્પર છે. તેના ભાગરૂપે આજરોજ સેન્ટ્રલ ઝોનમાં રૂસ્તમપુરા ખાતે સેન્ટ્રલ સ્ટોરની જગ્યામાં અંદાજીત રૂા. ૮૮.૭૫ લાખના ખર્ચે ૧૭૯૮ ચો.મીટર ક્ષેત્રફળમાં કોમ્યુનીટી હોલ બનાવવામાં આવેલ છે. જેમાં ભોંયતળીયે પાર્કીંગ, સ્ટોર રૂમ, રસોડા, પાણીની પરબ, ટોયલેટ બ્લોક, ઓવરહેડને સંલગ્ન ભૂગર્ભ ટાંકી તેમજ પ્રથમ માળે સ્ટેજ, હોલ, ડ્રેસીંગ રૂમ અને ફોયરની સુવિધા ઉપલબ્ધ છે. આ કોમ્યુનીટી હોલ તૈયાર થવાથી

રૂસ્તમપુરા, સલાબતપુરા વગેરે વિસ્તારના રહીશોને કૌટુંબિક, સામાજીક પ્રસંગોએ આર્થિક રીતે પોષણક્ષમ દરથી પ્રસંગો સંપન્ન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થશે. જે સામાજીક અને માનસિક ઉત્કર્ષ માટે ઉદ્દીપક બની રહેશે. સાથે સાથે સામુદાયિક વિકાસ શિક્ષણ અને સમાજ વિકાસની વધુમાં વધુ પ્રવૃત્તિનું આયોજન કરી વિસ્તારની જનતા એક નવી દિશા સંચાર પણ કરશે તેવી આશા વ્યકત કરેલ.




સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોનમાં નાગરિકોને જુદી જુદી સુવિધાઓ આપી રહેલ છે. સગરામપુરા વોર્ડ નં. ૨, નોંધ નં. ૩૧૦૪–૦૫ વાળી જગ્યામાં અંદાજીત રૂા. ૪૩ લાખના ખર્ચે કોમ્યુનીટી હોલ તથા વાંચનાલય તેમજ ગોપીપુરા વોર્ડ નં. ૮, નોંધ નં. ૧૧૯૮ વાળી જગ્યામાં અંદાજીત રૂા. ૨૭ લાખના ખર્ચે સાંસ્કૃતિક ભવન તથા વાંચનાલય બનાવવાનું કામ પ્રગતિ હેઠળ છે. આ વિસ્તારના નાગરિકો સંતુલિત શહેર વિકાસની દિશામાં મહાનગરપાલિકા ધ્વારા પ્રાપ્ય કોમ્યુનીટી હોલની સુવિધાનો વધુમાં વધુ લાભ લેશે તેવી આશા વ્યકત કરી હતી.

જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી રાજુભાઈ દેસાઈએ મંચ ઉપર બીરાજમાન મહાનુભાવો તેમજ ઉપસ્થિત પ્રજાજનોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષશ્રીઓ ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, વિરોધપક્ષના નેતાશ્રી યોગેશભાઈ કાપડીયા, વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સભ્યશ્રીઓ, ઉપસ્થિત મહાનુભાવો અને આ વિસ્તારના નગરજનો ઉપસ્થિત રહયા હતા.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૩–૫–૨૦૦૬ના રોજ કતારગામ ઝોનમાં આવેલ જનરલ કેટેગરીના ચોથા વર્ગના કર્મચારીઓ માટે સ્ટાફ કવાટર્સ તથા વરિષ્ઠ નાગરિક સુવિધા કેન્દ્રના ઉપક્રમે '' શાંતિકુંજ '' ની ઉદ્દઘાટનવિધિ

સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૩–૦૫–૨૦૦૬ના રોજ કતારગામ ઝોનમાં ટી.પી.૧૯, આર–૨૦ ખાતે આવેલ જનરલ કેટેગરીના ચોથા વર્ગના કર્મચારીઓ માટે સ્ટાફ કવાટર્સ તથા પારસ વોર્ડ ઓફિસની બાજુમાં વરિષ્ઠ નાગરિક સુવિધા કેન્દ્રના ઉપક્રમે 'શાંતિકુંજ'ની ઉદ્દઘાટનવિધિ મેયર ડો. કનુભાઈ માવાણીના વરદહસ્તે રાખવામાં આવેલ. આ પ્રસંગે મેયરશ્રીએ તેમના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા છેવાડાના માનવી અને વરિષ્ઠ નાગરિકોને સેવા આપવા માટે કટિબધ્ધ છે. તે પૈકી છેવાડાના માનવીને સુવિધા આપવાના હેતુથી ચોથા વર્ગના કર્મચારીઓ માટે સ્ટાફ કવાટર્સ બનાવવામાં આવેલ છે. જેથી તેમનો રહેઠાણનો પ્રશ્ન હલ થતા તેઓની કાર્યક્ષમતામાં વધારો થશે. વરિષ્ઠ નાગરિકોને નવરાશની પળો વિતાવવા માટે શાંતિવનની જરૂરીયાત છે. ગામડાઓમાં તો વૃધ્ધો વડનાં છાયડા નીચે કે ગામને પાદરે ઓટલા પર નવરાશની પળો માણી શકે છે જયારે શહેરમાં તેવું ન હોવાથી શાંતિકુંજ, શાંતિવન હોય તો નવરાશની પળો માણી શકાય. તે હેતુથી સુરત મહાનગરપાલિકાએ જુદી જુદી જગ્યાએ આવા પ્રકલ્પો બનાવેલ છે. વૃધ્ધાશ્રમએ અનિવાર્ય અનિષ્ટ થઈ પડેલ છે. તેથી આજના ભૌતિક યુગમાં વૃધ્ધાશ્રમ અનિચ્છાએ પણ નિભાવવા પડે છે.




મેયરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે તેઓએ જુદા જુદા દશ જેટલા વૃધ્ધાશ્રમોની મુલાકાત લીધી હતી તેમાં મોટાભાગે શ્રીમંત કુટુંબના વૃધ્ધો જોવા મળે છે જયારે ગરીબોના વૃધ્ધો વૃધ્ધાશ્રમમાં જોવા મળતા નથી. આવા વૃધ્ધો માટે ગરીબોના ઘરમાં જગ્યા છે. આજે વૃધ્ધોને સ્નેહ અને લાગણીની જરૂર છે સગવડો અને સંપતિની જરૂર નથી. આ માટે વડીલોએ ફકત સંપતિ એકઠી કરવાની નથી પણ સારા સંસ્કારો આપવાની જરૂર છે. સંસ્કાર અને સંસ્કૃતિ આપવા જોઈએ. શિક્ષકો પણ સંસ્કારનું સિંચન આપશો. જીવનમાં પ્રમાણિકતા અને પરિશ્રમએ જીવનનો પારસમણિ છે. સમાજમાં આ સૂત્રોનું સિંચન થશે તો સમાજમાં સુખ શાંતિ વધશે.

આ પ્રસંગે અતિથિ વિશેષપદેથી ડે. મેયર ડો. સુષમાબેન અગ્રવાલએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે, સ્વચ્છ સુરત સુંદર સુરતમાં જેમનું યોગદાન રહેલ છે તેવા ચોથા વર્ગના કર્મચારીઓના રહેઠાણની સુવિધા આપવા પ્રયત્નશીલ છે. તેના ભાગરૂપે સ્ટાફ કવાટર્સની સુવિધા પૂરી પાડે છે. જેના થકી કર્મચારીઓને માનસિક શાંતિ મળશે. તેથી કર્મચારીઓની કાર્યક્ષમતામાં વધારો થશે. સુરત મહાનગરપાલિકા વૃધ્ધો માટે શાંતિકુંજ–શાંતિવન બનાવેલ છે. આજે શહેરમાં વૃધ્ધાશ્રમ ઓછા હોવા જોઈએ તથા શાંતિકુંજ વધુ હોવા જોઈએ જેથી નવરાશની પળો આવા શાંતિકુંજમાં વિતાવી શકશે. તેમણે આગળ જણાવ્યું હતું કે સુરતની પ્રજાએ અત્યાર સુધી વિકાસના કામોમાં લોકોના સહયોગ પ્રાપ્ત થયો છે. તેવો જ સહયોગ ભવિષ્યમાં પણ મળતો રહેશે તો સુરત વિકાસમાં અગ્રેસર રહેશે.

આ પ્રસંગે અતિથિ વિશેષપદેથી શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા સૌના સહકાર અને અતૂટ વિશ્વાસને કારણે ચરિતાર્થ કરવા માટે પદાધિકારીઓ, સભ્યો, વહીવટીતંત્રના સહયોગથી પ્રાથમિક સુવિધાઓની સાથે લોકોની સુખાકારી માટે ક્રમશઃ પ્રકલ્પો પ્રજાને અર્પણ કરેલ છે. છેલ્લા છ માસમાં પ્રજા કલ્યાણની કટિબધ્ધતામાં જુદી જુદી

પ્રાથમિક સેવાઓની સાથે લોકો માટે સુખાકારી સેવાઓ પૂરી પાડેલ છે. છેલ્લા દાયકામાં સુરત મહાનગરપાલિકાએ વિકાસની વણથંભી આગેકુચ ચાલુ રાખેલ છે. મા. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાત વિકાસ કરી રહેલ છે. તેની પ્રતિબધ્ધતા રૂપે સુરત મહાનગરપાલિકાએ વિકાસના કાર્યો કરેલ છે.



આ પ્રસંગે કમિશનરશ્રીએ તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા શહેરના સમતોલ વિકાસના દૃઢ નિશ્ચય સાથે દરેક ઝોનોમાં નાગરિકોને સુવિધાઓ આપવા તત્પર છે. તેના ભાગરૂપે આજરોજ કતારગામ વારિગૃહ પાસે ટી.પી. ૧૯, આર–૨૦ ખાતે જનરલ કેટેગરીનાં ચોથા વર્ગના કર્મચારીઓ માટે સ્ટાફ કવાટર્સ અંદાજીત રૂા. ૨૧ લાખના ખર્ચે ૫૫૨૪ ચો.ફૂટમાં ૬ (છ) માસના ટૂંકાગાળામાં બનાવવામાં આવેલ છે. જેમાં ભોંયતળીયે, પ્રથમ માળ તેમજ બીજા માળે એમ દરેક માળ પર ૬ નંગ મળી કુલ ૧૮ સ્ટાફ કવાટર્સ બનાવવામાં આવેલ છે. દરેક કવાટર્સમાં લીવીંગ રૂમ, રસોડા તેમજ ટોયલેટ બ્લોકની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. આ ઉપરાંત સ્ટાફ કવાટર્સમાં ૫,૦૦૦ લીટરની ઓવરહેડ ટાંકી તથા ૧૦,૦૦૦ લીટરની ક્ષમતાવાળી અંડર ગ્રાઉન્ડ આર. સી. સી. ટાંકીની સુવિધા ઉપલબ્ધ છે.

આ ઉપરાંત કતારગામ પારસ વોર્ડ ઓફિસની બાજુમાં આવેલ ડ્રાફટ ટી.પી. ૧૮, ફા. પ્લોટ નં. ૧૨ ખાતે વરિષ્ઠ નાગરિક સુવિધા કેન્દ્ર " શાંતિકુંજ " રૂા. ૯ લાખ ૫૪ હજાર ના ખર્ચે ૯૭૪૫ ચો. ફૂટમાં ૫ (પાંચ) માસમાં તૈયાર કરવામાં આવેલ છે. જેમાં રીડીંગ હોલ, ૨૦ ફૂટ ડાયામીટરનો ગઝેબો ૧ તથા ૧૦ ફૂટ ડાયામીટરના ૪ ગઝેબો, પાણીની પરબ, જેન્ટસ તેમજ લેડીઝ ટોયલેટ બ્લોક, વોક–વે, ગાર્ડન, ૫૦૦૦ લીટરની ઓવરહેડ પી.વી.સી. ટાંકી, ૬૦૦૦ લીટરની અંડર ગ્રાઉન્ડ આર.સી.સી. ટાંકીની સુવિધા ઉપલબ્ધ છે. આ શાંતિકુંજ થકી સીનીયર સીટીઝનો તેમની અનુકૂળતા મુજબનો સમયશાંતિથી પસાર કરી શકશે. આ વિસ્તારના નાગરિકો સંતુલિત શહેર વિકાસની દિશામાં મહાનગરપાલિકા દ્વારા પ્રાપ્ય સુવિધાઓનો વધુમાં વધુ લાભ લેશે તેવી આશા વ્યકત કરી હતી.



ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષા શ્રીમતિ વીણાબેન જોષીએ મંચ ઉપર બીરાજમાન મહાનુભાવો તેમજ ઉપસ્થિત પ્રજાજનોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષશ્રીઓ ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, વિરોધપક્ષના નેતાશ્રી યોગેશભાઈ (બાબુભાઈ) કાપડીયા, જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી રાજુભાઈ દેસાઈ, વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સભ્યશ્રીઓ, ઉપસ્થિત મહાનુભાવો અને આ વિસ્તારના નગરજનો ઉપસ્થિત રહયા હતા.

TOP

## રીબેટ (વળતર) ૭ %

સુરત મહાનગરપાલિકાના આકારણી અને વસૂલાત વિભાગ દ્વારા જે મિલ્કતદારો ૧૦% રીબેટનો લાભ લેવાનું ચૂકી ગયા હોય તો તા. ૩૧–૫–૨૦૦૬ સુધીમાં મિલકતકરનાં ૭ % રીબેટ (વળતર)નો લાભ મેળવી શકાશે.

કોઈપણ " નાગરિક સુવિધા કેન્દ્ર " પર ટેનામેન્ટ નંબર જણાવી ૭ % રીબેટ બાદ ચૂકવવાપાત્ર ટેક્ષની રકમની જાણકારી મળશે તે મુજબ વેરાની રકમ ચૂકવતા આપને ૭ % રીબેટ (વળતર)નો લાભ મળશે.

TOP